



## ચિલોડામાં પેટા આરોગ્ય કેન્દ્ર-હોમિયોપેથી દવાખાનામાં પાણી ભરાયા

ચિલોડા પંથકમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતાં શ્રાવણ માસના છેલ્લા સોમવારે મોડી સાંજથી મેઘરાજા લાંબા સમયથી ખેડૂતો સારા વરસાદની રાહ જોતાં હતા ત્યારે ધોધમાર વરસાદનું આગમન થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ વ્યાપી ગયો હતો. મેઘ મહેરબાન થતા ખરીફ પાકોને જીવતદાન મળતાં ખેતરોમાં મધા નક્ષત્રનું અમૃત સમાન જળ મળતાં પાકોની રોનક સાથે ફાયદારૂપ બનશે. ત્યારે ચિલોડા સર્કલ પાસે આવેલુ પેટા આરોગ્ય કેન્દ્ર અને હોમિયોપેથી દવાખાનાના વિસ્તારમાં વધુ વરસાદી પાણી ભરાતાં કેન્દ્રમાં જવાનો રસ્તો બંધ થતાં કર્મચારીઓને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. આ સાથે આ પાણીનો ભરાવો થતા જૂના પોલીસ સ્ટેશન પાસે બનતુ નવનિર્મિત જાહેર શૌચાલયના બંને ખાળકૂવા અને ભૂગર્ભ જળ ટાંકામાં પાણી ભરાઈ જતા નુકસાન થવાની દહેશત ઉભી થવા પામી છે. આમ આ વિસ્તારમાં વધુ પાણી ભરાવાથી કર્મચારીઓને જુના પોલીસ સ્ટેશનમાં આશરો લેવાની ફરજ પડી હતી. પરિણામે નીચાણવાળા વિસ્તારમાં પાણી ન ભરાય અને જવાનો રસ્તો તાત્કાલિક માટી પુરાણ કરી સમસ્યાનો ઉકેલ લાવવા માંગ કરી હતી.

# શહેરમાં દોઢ ઈંચ વરસાદ, ચોમેર પાણી ભરાયા, વાતાવરણમાં ઠંડક

### જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી ઠંડકનુ મોજુ : ગ્રામ્ય વિસ્તારમાં ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો : દહેગામ તાલુકાના ત્રણ ગામોમાં ૬ કાચા મકાનોની દિવાલ ઘસી પડી : દહેગામમાં સૌથી વધુ ૫ ઈંચ, માણસા અને ગાંધીનગર તાલુકામાં ૨ અને કલોલમાં ૩ ઈંચ વરસાદ વરસ્યો

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં ગઈકાલ સાંજથી આકાશમાં નિખરેલા વરસાદી વાદળો ધીમી ધારે વરસવાનુ શરૂ થઈ ગયા હતા મોડી સાંજ સુધી ઝરમર વરસાદ વરસ્યો હતો જયારે રાત્રિના સમયે પણ સતત વરસાદ વરસતા સવાર સુધીમાં શહેરના સેકટરોમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો. જયારે જિલ્લામાં પણ સાર્વત્રિક વરસાદથી ઠંડક પ્રસરી હતી. જેમાં દહેગામ તાલુકામાં સૌથી વધુ ૫ ઈંચ વરસાદ થયો હતો જયારે કલોલમાં ૩ અને માણસા તેમજ ગાંધીનગર તાલુકા વિસ્તારમાં ૨ ઈંચ વરસાદ વરસ્યો હતો. દહેગામમાં ભારે વરસાદ દરમિયાન વિવિધ ત્રણ ગામોમાં ૬ કાચા મકાનોની દિવાલ ઘસી પડી હતી.

શહેરમાં ગઈકાલ રાતથી મેઘરાજાની સવારી આવી પહોંચી છે. ગઈકાલે અમદાવાદમાં પણ રાત્રિના સમયે ભારે વરસાદ થયો હતો જયારે ગાંધીનગરમાં પણ વરસાદી સાંજ નિખરી હતી. રાત્રિના સમયે ઝરમરિયા વરસાદ બાદ મોડી રાત્રે મેઘરાજાનો મિજાજ વધુ ઉગ્ર જોવા મળ્યો હતો. આખી રાત હળવા ભારે ઝાપટા સાથે વરસાદ સતત ચાલુ રહ્યો હતો જેના લીધે શહેરમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. શહેરમાં સવારથી જ વાદળિયુ વાતાવરણ સર્જાયુ હતુ જયારે સાંજ ઢળતા નભમાં નિખરેલા વરસાદી વાદળો ધીમે ધીમે વરસવાનુ શરૂ થઈ ગયા હતા. સાંજના સમયે ઝરમર વરસતો વરસાદ એકદમ બંધ થઈ ગયો હતો જયારે મોડી સાંજે અચાનક જ આકાશમાં ઘેરાયેલા વરસાદી વાદળો વરસવાનુ શરૂ થતા રીમઝીમ વરસાદના લીધે થોડીવારમાં જ શહેરમાં ભીંજારાના માહોલ વચ્ચે ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. રાત્રિના સમયે પણ આખી રાત ઝરમરિયો વરસાદ વરસતા સવાર સુધીમાં સેકટરોમાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ઉભરાયા હતા. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં વરસાદી પાણી ભરાતા જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ રાત્રિના સમયે વરસાદે બઘડાટી બોલાવતા અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. સે-૪ માં રાત્રિના સમયે એક કાર પર તોતિંગ વૃક્ષ ધરાશાયી થતા કારનો કડુસલો થઈ ગયો હતો.આજે સવારે પણ શહેરમાં વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી નઝારો યથાવત રહ્યો હતો જો કે દિવસ દરમિયાન છુટાછવાયા છાંટણા સિવાય વરસાદ વરસ્યો હતો. જો કે વરસાદી વાયરા વચ્ચે શહેરમાં ઠંડક પ્રસરી હતી દિવસ દરમિયાન ઉકળાટનુ પ્રમાણ ઘટયુ હતુ. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો જયારે જિલ્લામાં પણ નોંધપાત્ર વરસાદ થયો હતો. ગાંધીનગર તાલુકામાં ૨ ઈંચ, માણસા તાલુકામાં ૨ ઈંચ, દહેગામ તાલુકામાં સૌથી વધુ ૫ ઈંચ અને કલોલમાં ૨ ઈંચ વરસાદથી જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. દહેગામમાં ભારે વરસાદના લીધે ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. લિહોડા, સાંપા અને બારડોલપુરા સહીતના ગામમાં ૬ જેટલા કાચા મકાનોની દીવાલ ઘરાશાયી થઈ ગઈ હતી. માણસામાં પણ ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. ચારેય તાલુકામાં ભારે વરસાદથી ગામોનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ.

**શહેરના સે-૪માં રાત્રિના તોતિંગ વૃક્ષ જમીનદોસ્ત થતા કારનો કડુસલો**



**શહેરમાં સિઝનનો અંદાજિત ૨૩ ઈંચ વરસાદ આજે પણ દિવસ દરમિયાન વરસાદી નઝારો યથાવત : સોમવારે આખી રાત ધીમી ધારે વરસાદ વરસ્યો : શેહરમાં ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી થયા સેકટરોમાં વરસાદી સમસ્યાઓનો ઢગ ખડકાયો**



## ખૂણેખાંચરેથી

- રાજયસભાના સાંસદ નરહરિભાઈ અમીન આજે સ્વર્ણિમ સંકુલમાં રજુઆતો માટે મંત્રીઓને મળવા આવ્યા હતા.
- ગાંધીનગર જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ આજે કોરોનાના કેસો અંગે તાલુકા આરોગ્ય અધિકારીઓ સાથે સમીક્ષા કરી હતી.
- જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ આરોગ્યતંત્રની ત્રણ બેઠકો લઈ રસીકરણ, મા વાત્સલ્ય કાર્ડ યોજના સહિતના વિવિધ કાર્યક્રમોની સમીક્ષા કરી હતી.
- ડૉ. આર્યના અધ્યક્ષપદે આજે તકેદારી આયોગના કેસો અંગેની સમીક્ષા બેઠક પણ યોજાઈ હતી.
- મધા નક્ષત્રમાં મેઘ મ્હેર થતાં ખેડૂતોમાં ખુશીની લ્હેર જોવા મળી રહી છે.
- સે-૭માં શિક્ષણ વિભાગના નિવૃત્ત નાયબ સચિવ ધીમંત વોરા અને તેમના પત્ની કલાબેન વોરાનું એક-એક દિવસના અંતરે કોરોનાને કારણે નિધન.

## ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી વિદેશી દારુ ભરેલી અલ્ટો કાર ઝડપાઈ

ચિલોડા પોલીસે ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી વિદેશી દારુ ભરેલી અલ્ટો કાર ઝડપી પાડી છે. પોલીસે કારમાં તપાસ કરતા રૂ.૨૨,૧૫૨ નો ૩૧૨ બોટલ વિદેશી દારુ ઝડપી પાડી, ૨ મોબાઈલ તેમજ કાર મળીને રૂ.૨,૨૬,૧૫૨ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ યુવકોની અટકાયત કરી પોલીસે તપાસ હાથ ધરી છે.

ચંદ્રાલા નાકા પોઈન્ટ આગમન હોટલ સામે પોલીસ જવાનો વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. તે સમયે હિંતમનગર તરફથી આવી રહેલી રાજસ્થાન પાર્સિંગની કાર નં. આર.જે.૨૭.સી.ઈ.-૫૦૦૮ કારને ઉભી રખાવી તપાસ કરતા કારમાંથી ૩૧૨ બોટલ વિદેશી દારુ મળી આવ્યો હતો. જયારે ગાડીમાં બેઠેલા શખ્સને પોલીસે પુછપરછ કરતા મદનલાલ ભરવલાલ ઉર્ફે માંગીલાલ રેબારી (દેવાસી, ઉં.૨૫, રહે.ખાદરા નેવુલા પોસ્ટ ચંદેસરા તા.માવલી), રામસીંગ રામજીલાલ ગુર્જર (ઉં.૨૫, રહે.મંડોલી), રવિ હવાર્સી (ઉં.૨૩ રસુલપુર)ને પકડી પાડી પોલીસે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**માસી, શું ઉજવે જન્માષ્ટમી... સાસુમાં કાળા કાનજી, કાળા કાનજી કરીને ઉપવાસમાં અડધો કિલો કાલાજામ ખાઈ ગયા અને.. ડાયાબિટીસ વધી ગયો તો દાખલ કરવા પડ્યા...!!**

## શ્રી ગાયત્રી વિદ્યામંદિર લીહોડા ખાતે ૭૪મા સ્વાતંત્ર્ય પર્વની અનોખી ઉજવણી

ચિલોડા, તા. ૧૮

શ્રી ગાયત્રી વિદ્યામંદિર લીહોડા ખાતે ૭૪મા સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ગામના સરપંચ અજીતસિંહના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતુ. કેળવણી મંડળના પ્રમુખ જયદિંપસિંહ ઝાલા દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળાના આચાર્ય બી.જી. ચૌધરી અને પ્રાથમિક શાળાના આચાર્ય નીલયભાઈ પટેલ દ્વારા કોરોના મહામારીમાં સતત સેવા આપનાર કોરોના વોરિયર્સ આરોગ્ય કાર્યકરો, આશાવર્કર બહેનોને તુલસીના છોડ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

### ગુજરાત યુનિવર્સિટીમાં 'સીસીસી'ની પરીક્ષા યોજી

## વન વિભાગના વર્ગ-૩ના કર્મચારીઓની નોકરી બચાવી લેવા યુથ કોંગ્રેસની માંગ

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત યુનિવર્સિટીમાં સીસીસીની પરીક્ષા ઝડપથી આયોજિત કરવા જેથી વન વિભાગના વર્ગ-૩ના કર્મચારીઓને સરકાર દ્વારા છુટા ના કરવામાં આવે તે હેતુથી યુથ કોંગ્રેસ દ્વારા કુલપતિને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે. રાજયમાં કોરોના મહામારીને કારણે ગુજરાત યુનિવર્સિટીમાં સીસીસીની પરીક્ષા મુલત્વી રાખવામાં આવી છે જયારે બીજી તરફ વન વિભાગના વર્ગ-૩ના કર્મચારી જેમની પાસે સીસીસી પરીક્ષા પાસ કર્યાનું પ્રમાણપત્ર નથી તેમને છુટા કરવાનો રાજય સરકારે આદેશ આપ્યો છે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ફેબ્રુઆરી માસમાં સીસીસીની પરીક્ષા લેવાની હતી પરંતુ તે કોરોના મહામારીના પગલે રદ કરવામાં આવી હતી. ગુજરાત સરકારના વન વિભાગમાં વર્ષ ૨૦૧૩માં વર્ગ-૩ના જે કર્મચારીઓની કરાર આધારિત ભરતી કરવામાં આવી હતી અને આ પૈકી જે કર્મચારીઓએ ૭ વર્ષના ગાળામાં સીસીસીની પરીક્ષા પાસ ના કરી હોય તેમને હવે છુટા કરી દેવાનો રાજય સરકારે આદેશ કર્યો છે. જો કે વન વિભાગના વર્ગ-૩ના આવા કર્મચારીઓએ ફેબ્રુઆરીમાં લેવાનાર સીસીસી પરીક્ષાના ફોર્મ ભર્યા હતા જે રદ થયા બાદ જુલાઈ માસમાં પણ ફોર્મ ભર્યા છે પરંતુ યુનિવર્સીટી દ્વારા સીસીસીની પરીક્ષા કોરોનાને કારણે લેવામાં નથી આવી રહી. આ સ્થિતિમાં કર્મચારીઓને આ કપરા કાળમાં નોકરીમાંથી હાથ ધોવાનો વારો આવ્યો છે ત્યારે યુથ કોંગ્રેસ દ્વારા ગુજરાત યુનિવર્સિટીના કુલપતિને પત્ર લખી પરીક્ષા ઝડપથી યોજવા માંગ કરી છે તેવું યુથ કોંગ્રેસના મહામંત્રી તથા ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ સેનેટ મેમ્બર મુકેશ આંજણાએ જણાવ્યું હતું.



## સેકટર-૨૭માં મેલેરીયાના દર્દીઓ દેખાતા તંત્ર ચિંતિત

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં કોરોનાના દર્દીઓ સતત વધી રહ્યા છે. જેને પગલે આરોગ્ય તંત્ર પણ ચિંતિત નજરે પડી રહ્યું છે. ત્યારે ચોમાસાની સિઝનમાં મચ્છરજન્ય રોગચાળો પણ માથુ ઉંચકી રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. સેકટર-૨૭ ખાતે મેલેરીયાના ૪ દર્દી સામે આવ્યા છે. જેમાં એક સ્વસ્થ થતા ઘરે આવી ગયા છે.

જયારે અન્ય ૩ દર્દી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. શહેરના સેકટરોમાં મેલેરીયાના દર્દીઓ દેખાતા તંત્રએ પણ કામગીરી આરંભી દીધી છે.પાણીના ખાબોચીયા તેમજ વિવિધ સ્થળો પર દવા છંટકાવની કામગીરી શરુ કરી દેવાઈ છે. હાલ ચાલી રહેલી બિન આરોગ્યપ્રદ સિઝનને પગલે મેલેરીયાના દર્દીઓ પણ વધી શકે છે. ત્યારે મેલેરીયા વધુ વકરે નહી તે માટે તંત્ર દ્વારા સતત ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.




ગાંધીનગરના કોલવડાના યુવા સેવાભાવી અલ્પેશ પટેલે આમ આદમી પાર્ટીમાં જોડાઈને પોતાની રાજકીય કારકિર્દીનો આરંભ કર્યો છે. આમ પાર્ટીના ગાંધીનગર જિલ્લા એકમના પ્રમુખ ગુણવંતભાઈ પટેલે તેમને જિલ્લા યુવા પ્રમુખ ફેનીલ પટેલની હાજરીમાં અલ્પેશ પટેલને ખેસ પહેરાવી પક્ષમાં સામેલ કર્યા હતા.

## નર્સિંગ ટીચર્સ એસોસિએશન ઈન્ડિયા દ્વારા "ચિલ્ડોડ ડેવલોપમેન્ટ થિયરીઝ" પર વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

નર્સિંગ ટીચર્સ એસોસિએશન ઈન્ડિયા (એનટીએઆઈ)ની ગુજરાત શાખા દ્વારા વેબિનાર શ્રેણીનો અંતિમ સત્ર ૧૬-૮-૨૦ના રોજ સવારે ૧૧.૩૦ વાગે "ચિલ્ડોડ ડેવલોપમેન્ટ થિયરીઝ' પર જણાવાયુ છે. રોગચાળાના અવરોધોને દૂર કરવા અને સમાજ અને આરોગ્ય કર્મચારીઓને અપડેટ કરવા શ્રેણીબદ્ધ વેબિનારો સાથે વર્ચુઅલ લર્નિંગ જાળવવા એનટીએઆઈએ એક મજબૂત પહેલ કરી છે. ક્રાઈસ્ટ કોલેજ ઓફ નર્સિંગના વાઈસ-પ્રિન્સિપલ અન્નમ પી દિવસના સત્રને મધ્યસ્થ કરી હતી. તેમણે સ્રોત વ્યક્તિ કાંતિભાઈ પટેલ, સરકારી કોલેજ ઓફ નર્સિંગ વડોદરાને શ્રોતાઓ સમક્ષ રજૂ કર્યા. કાંતિભાઈએ આધ્યાત્મિક વિકાસ સિદ્ધાંતના પ્રથમ સત્રની શરૂઆત તેમણે આધ્યાત્મિક વિકાસ સિદ્ધાંતના વિવિધ તબક્કાઓને વય યોગ્ય વર્ગના આધારે સમજાવ્યો. સુંદર ઉદાહરણોએ સત્રને ખૂબ સ્પષ્ટ અને સમજી શકાય તેવુ બનાવ્યું. દિવસનો બીજો વિષય એટેચમેન્ટ થિયરી હતો. તેણે બાળકના વિવિધ જોડાણ પાસાઓને આવરી લીધા અને જોડાણ થિયરીના વિવિધ તબક્કાઓ સમજાવી અન્નમ પી દ્વારા કરવામાં આવેલ એક ઈન્ટરેક્ટિવ સત્ર સાથે તે વિષયનો સરસ નિષ્કર્ષ હતો.

નર્સિંગ સમુદાય માટે વેબિનાર શ્રેણીમાં ભાગ લેવા અને મહત્તમ લાભો મેળવવાની તે શ્રેષ્ઠ તક હશે. લિન્સી દ્વારા સત્ર સરસ રીતે સમાપ્ત થયુ. ભાગ લેનારાઓએ સત્રનો ફાયદો ઝૂમ બંનેમાં લીધા અને ટ્યુબ, આખું સત્ર લાઈવ સ્ટ્રીમ કર્યુ હતુ તે ખરેખર એક માહિતીપ્રદ સત્ર હતુ.

રાષ્ટ્રીય અધ્યક્ષ ફારૂખ ખાને મુખ્ય અતિથિનો અદ્‌ભુત આભાર માન્યો અને વિશેષ અતિથિએ સૌને આભાર આપીને વેબિનાર શ્રેણી સમાપન કર્યુ હતુ.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**




## રંગ જયોત વિદ્યા વિહાર પ્રાયમરી સ્કૂલ ખાતે વૃક્ષારોપણ

લાયન્સ કલબ ઓફ અમદાવાદ હેરિટેજ દ્વારા આમજા ગામમાં રંગ જયોત વિદ્યા વિહાર પ્રાયમરી સ્કૂલ ખાતે પ્રમુખ હેમંત અડાલજાના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં આચાર્યા ભાવનાબેન ભટ્ટ, આમજા પ્રાથમિક શાળાના આચાર્યા, પલ્લવીબેન ત્રિવેદી, સરપંચ શંકરભાઈ પટેલ સહિત સંસ્થાના સભ્યો અને શાળાના સ્ટાફે ઉપસ્થિત રહી અને વૃક્ષારોપણ કર્યું હતું તેમજ સેનેટાઈઝર તથા માસ્કનું વિતરણ કર્યું હતું.

## જાહેર નોટિસ

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ શ્રી રાજેન્દ્ર ડી. ગોહેલ અમારા અસીલ રમેશ રવિન્દ્ર મંત્રી, હાલ રહે. એ/૩/૨૦૧, વેન્ચ્યુરા રેસીડેન્સી, બરકતઅલી રોડ, વસઈ (વે) મુંબઈ-૪૦૧૨૦૧ વાળાની સૂચના અને ફરમાઈશથી આ જાહેર નોટિસ આપી જણાવી છીએ કે....

ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના શહેર ગાંધીનગર ટાઉનશીપના સેક્ટર નં. ૧૪ ખાતે ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા ૨૫૨ એમ.આઈ.જી. સ્કીમ હેઠળ બાંધવામાં આવેલ કે જે 'સરદાર પટેલ કોલોની' એ રીતે ઓળખાય છે તે મકાનો પૈકી બ્લોક નં. ૧૯ ફ્લેટ નં. ૨૨૧ (ફર્સ્ટ ફ્લોર)વાળી જેના બાંધકામનું ક્ષેત્રફળ ૫૮.૫૫ ચો.મી. છે તે મિલકત અમારા અસીલની માલિકી તથા કબજા, ભોગવટાની આવેલ છે અને સદર મિલકત બાબતે ગુજરાત હાઉસિંગ બોર્ડના અધિકૃત કર્મચારી દ્વારા તા. ૧૨/૦૯/૨૦૦૦ના રોજ નોંધણી નં. ૩૭૯૬થી કન્વેયન્સ ડીડ કરી આપેલ છે. જે અસલ કન્વેયન્સ ડીડ અમારા અસીલથી ક્યાંક ખોવાઈ ગયેલ છે અને જેની ઘણી શોધખોળ કરવા છતાં તે મળી આવેલ નથી. તેથી ઉપરોક્ત મિલકતનો ઉપરોક્ત વિગતો વાળો અસલ દસ્તાવેજ જે કોઈ વ્યક્તિને મળે તેઓએ અમારા અસીલના ઉપર જણાવેલ સરનામે મોકલી આપવા જાહેર જનતાને જણાવવામાં આવે છે.

તા. ૧૮-૮-૨૦૨૦

**અમારા અસીલની સૂચનાથી**
**રમેશ રવિન્દ્ર મંત્રી**

**અમારા અસીલની સૂચનાથી અમારી મારફતે**
**રાજેન્દ્ર ડી. ગોહેલ (એડવોકેટ)**
પ્લોટ નં. ૨૪૯/૨, સેક્ટર-૧૪,
ગાંધીનગર
મો. :૯૮૨૪૪૨૨૬૫૪